## જિલ્લામાં ઓનલાઈન ગઠીયાઓનો સકંજો : એ.ટી.એમ. પીન નંબર માગી છેતરપીંડીના કિસ્સા વધ્યા


સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઓનલાઈન ગઠીયાઓનો સકંજો કસાયો છે. એ.ટી.એમ.ના પીન નંબર માંગી બેન્ક ગ્રાહકો સાથે છેતરપીંડીના કિસ્સા વધ્યા છે અને બેન્ક ગ્રાહકનું એ.ટી.એમ. કાર્ડ બંધ થયું હોય તો સોફ્ટવેરથી તેની જાણકારી મેળવી જે તે ગ્રાહકના બંધ કાર્ડના પાસવર્ડ માંગી ખાતામાંથી નાણાં સેરવી લેવાના બનાવ પોલીસ દફતરે દર્જ થઈ રહ્યા છે. જિલ્લામાં બેન્ક ગ્રાહકો સાથે થયેલ છેતરપીંડીમાં મોબાઈલ નંબર અપાતા હોવા છતાં ચીટર ગેંગ પહોંચની બહાર છે. કેન્દ્ર સરકારે રૂા.૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો બંધ કર્યા પછી નાણાકીય વ્યવહાર વધી ગયા છે. તેમાંય એ.ટી.એમ.થી નાણાં ઉપાડવાં સુલભ રહેતું હોવાથી મોટાભાગના બેન્ક ગ્રાહકો એ.ટી.એમ.થી નાણાં ઉપાડતા હોય છે. ત્યારે જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી હિન્દી ભાષી ઓનલાઈન ગઠીયાઓએ માયાજાળ પાથરતાં બેન્ક ગ્રાહકોના ખાતામાંથી હજારોની રકમ બારોબાર ઉપડી રહી છે. કોઈપણ બેન્ક અધિકારી ફોન કરીને એકાઉન્ટ નંબર અથવા પીન નંબરની માંગણી કરતા નથી પરંતુ ગઠીયાઓ ગ્રાહકોને છેતરવામાં સફળ રહેતા હોય છે. પોતે બેન્ક મેનેજર બોલે છે તેમ કહી ગ્રાહકો પાસેથી ચાલાકીપૂર્વક એ.ટી.એમ.ના પીન નંબર જાણી છેતરપીંડી આચરવામાં આવતી હોય છે. બેન્ક તેમજ પોલીસ દ્વારા આ પ્રકારના ફ્રોડ અટકાવા માટે જાગૃત રહેવાની સૂચનાઓ છતાં રોજ ગ્રાહકો ઓનલાઈન ગઠીયાઓના હાથે છેતરાતા હોય છે. જિલ્લામાં ઓનલાઈન છેતરપીંડીના થોકબંધ ગુના પોલીસ દફતરે નોંધાયા છે પરંતુ ચીટર ગેંગ પોલીસ પકડથી દૂર છે. માત્ર એક જ કિસ્સામાં પોલીસને સફળતા મળતાં દિલ્હીથી એક ઠગની અગાઉ અટકાયત કરવામાં આવી હતી. જ્યારે હજુ પણ હિન્દીભાષી ગઠીયાઓ બેન્ક ગ્રાહકોને ફોન કરી પીન નંબર માગતા હોવાથી બંન્ને જિલ્લામાં ગઠીયાઓનો સકંજો મજબૂત બન્યો છે ત્યારે બેન્ક ગ્રાહકોએ એ.ટી.એમ.માંથી નાણાં ઉપાડતા સમયે તેમજ ફોન કરનારને પીન નંબર આપવો નહીં તેની તકેદારી રાખવી રહી.

## વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં : જિલ્લામાં રાષ્ટ્રીય પક્ષી મોરનાં પીંછનું ખુલ્લેઆમ વેચાણ

### તલોદનો ઈસમ મુખ્ય સપ્લાયર હોવાની ચર્ચા

રાષ્ટ્રીય પક્ષી જાહેર કરાયેલા મોરના રક્ષણ માટે જિલ્લાનું વન વિભાગ કુંભકર્ણની નિંદ્રાની સ્થિતિમાં જોવા મળ્યું છે. જિલ્લામાં દરરોજ રાષ્ટ્રીય પક્ષી મોરના હજારો પીંછાંનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. તલોદના ઉજેળીયાનો એક શખ્સ શાળામાં અભ્યાસ કરતા બાળકોને ૧ મોરપીંછ દીઠ ૧ રૂા.નું વળતર આપી આ પ્રવૃત્તિ ચલાવતો હોવાની વિગતો સામે આવી છે ત્યારે પોલીસ અને વન વિભાગે આ બાબતે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી રાષ્ટ્રીય પક્ષીના જીવન સામે જોખમ ઉભું થતું હોય તો દાખલારૂપ કાર્યવાહીનો સમય પાકી ગયો છે. જિલ્લામાં રાષ્ટ્રીય પક્ષી મોરના યેનકેન પ્રકારે મોત નિપજતા રહ્યા છે. અગાઉ બાયડ અને માલપુર તાલુકામાં ઝેરી દાણો ચરવાથી ૭૦ થી વધુ મોર-ઢેલના મોત નિપજ્યા હતા. ત્યારે વન વિભાગ ખેડૂતોને જાણે કે મોરના હત્યારા હોય તે રીતે ચીતરી તેમની સામે કાર્યવાહીનો દંડો ઉગામ્યો હતો. પરંતુ આજેય પણ બાયડ, ધનસુરા અને તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં રાષ્ટ્રીય પક્ષી મોરની હાજરી જોવા મળતી હોય છે. પરંતુ હમણાંથી રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા થતી હોય કે પછી અન્ય કોઈ પ્રકારે તેમનાં મોરપીંછનું વેચાણ વધી ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી તલોદ તાલુકાના ઉજેળીયાનો શખ્સ મોટી સંખ્યામાં મોરપીંછના ઢગ સાથે ફરતો જોવા મળ્યો છે. સૂત્રો પાસેથી જાણવા મળ્યું કે સદર ઈસમ શાળામાં અભ્યાસ કરતા બાળકોને મોરપીંછ લાવી આપો તો એક મોરપીંછ દીઠ રૂા.૧ નો પ્રલોભન આપી આવી પ્રવૃત્તિને સમગ્ર પંથકમાં વિકસાવી છે. વાલીઓએ પણ આ બાબતે ચેતવું જોઈએ અન્યથા રાષ્ટ્રીય પક્ષી મોરનું અકુદરતી મોતના કિસ્સામાં બાળકો જાણે-અજાણે ગુનેગાર ઠરી શકે તેમ છે.

## ખેડબ્રહ્મા : કારોબારી ચેરમેન તરીકે પદભાર સંભાળ્યો



ખેડબ્રહ્મા નગરપાલિકાના કારોબારી ચેરમેન બ્રિજેશ બારોટ તથા અન્ય સમિતિઓના ચેરમેનોએ વિધિવત તેમનો પદભાર ગ્રહણ કર્યો હતો, આ પ્રસંગે પ્રમુખ સાગર પટેલ, ચીફ ઓફિસર કલ્પેશ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે થોડા સમય પહેલાં કોંગ્રેસના મેન્ડેટ પર વોર્ડ નં. ૫ માંથી ચુંટાયેલ પ્રમુખ સાગર પટેલ સહીત ચાર સદસ્યો ભાજપમાં જોડાતાં ભાજપનુ સંખ્યાબળ વધતાં ગત તા.૧૧ એપ્રિલના રોજ નગરપાલિકાની સામાન્ય સભામાં વિવિધ ચેરમેનોની વરણી કરવામાં આવી હતી.

## વજાપુર ગામમાં સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશન દ્વારા ત્રીજુ વાર્ષિક સંમેલન યોજાયું



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વજાપુર ગામમાં સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશન ધ્વારા ત્રીજુ વાર્ષિક સંમેલન આનંદ , ઉત્સાહભેર હર્ષોલ્લાસ પુર્વક દબદબાભેર રીતે યોજાયું હતું.સામાજીક આગેવાનો સહિત આદિવાસી સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના મુખ્ય અધ્યક્ષ આર.વી.અસારી (I.P.S ) જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ , સેક્ટર-૧ અમદાવાદ શહેર , અતિથિ વિશેષ પુષ્પાબેન નિનામા ( અંગત સચિવ ) મહિલા અને બાળ વિકાસ મંત્રી, ડો.દુષ્યંત બલાત ( Chair Person Appolo Hospital), ડો. સ્ટેન્લી ભણાત (Associate Professor), બી.વી. મોડીયા , ભવ્ય નિનામા (Dy. D.D.O , અરવલ્લી ) સામાજીક આગેવાનો સહિત આદિવાસી સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત સર્વ - ધર્મની પ્રાર્થના કરીને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.મહેમાનોનું સ્વાગત બુકે , શાલ અને મોમેન્ટો દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભ અધ્યક્ષ આર.વી.અસારીએ પ્રાસંગિક વક્તવ્યમાં બાળકોના ભવિષ્યની ચિંતાઓ વ્યક્ત કરી , યુવાનો અભ્યાસમાં વધુ મહેનત કરે , સમાજના શિક્ષક મિત્રોને બાળકોના ભવિષ્યને બચાવવા સમાજનું રૂણ અદા કરવાનું જણાવ્યું હતું.પુષ્પાબેન નિનામાએ મહિલા સશક્તિકરણ પર ભાર મુકયો હતો.મહિલાઓને અબળા માંથી સબળા બનવા જણાવ્યું હતું.નારીશક્તિ સૃષ્ટિનું સર્જન કરી શકતી હોય તો પોતે પણ એક નવા સમાજનું સર્જન કરી શકે છે તે જણાવ્યું હતું.ડો.દુષ્યંત બલાત એ સમાજમાં ડોક્ટર છોકરાઓની સંખ્યા ઓછી અને છોકરીઓની સંખ્યા વધી રહી છે તેના ઉપર ભાર મુકયો હતો.

## હડિયોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ધીરજભાઈ પટેલની અધ્યક્ષતામાં 'આરોગ્ય મેળો' યોજાયો

### ૧૦૧૭ જેટલા લાભાર્થીઓએ વિવિધ તબીબી સેવાઓનો લાભ લીધો

બાયડ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના હડિયોલ પ્રાથમિક આરોગ્ય કેંદ્ર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેન શાહની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાનો "આરોગ્ય મેળો' યોજાયો હતો. આ હેલ્થ મેળામાં આઈ. ડી, મોતીયાની તપાસ ઉપરાંત સ્પેશ્યાલીસ્ટમા પીડીયાટ્રીશીયન, ફીજીશીયન, ગાયનેક, ઓર્થોપેડિક, ડેન્ટીસ્ટ, સ્કીન, ઈ. એન. ટી, ટેલી કન્સલ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી, જેનો ૧૦૧૭ જેટલા લાભાર્થીઓએ વિવિધ તીબીબી સેવાઓનો લાભ લીધો હતો. આ મેળામાં અલગ અલગ આરોગ્યલક્ષી માહિતી પૂરી પાડતા સ્ટોલ ગોઠવીને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા.



આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.રાજેશ પટેલે જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં બ્લોક હેલ્થ મેળા યોજીને લોકોને ઘર આંગણે જ આરોગ્યલક્ષી સુવિધાઓ પુરી પાડવાનો અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ આરોગ્ય મેળામાં PMJAY કાર્ડ સહિત વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ લોકો સરળતાથી અને વિના મૂલ્યે લઈ શકે તે માટે તા. ૧૮ થી ૨૭ મી એપ્રિલ ૨૦૨૨ દરમિયાન તાલુકાકક્ષાએ બ્લોક હેલ્થ મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. આ આરોગ્ય મેળાનો વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ આરોગ્ય મેળામાં નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ યતિનાબેન મોદી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, આઈ.સી.ડી.એસ અધિકારીશ્રી. ડો. ચારણ, ડો. મુગલ તેમજ તજજ્ઞ તબીબો અન્ય પદાધિકારીઓ, લેબ, ટેકનિશિયનો તેમજ આરોગ્ય કર્મિઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તર ગુજરાતમાં ચોરી ઘટાડવા ઈ-બ્લોક છતાં નદીઓમાંથી ચોરાતું ખનિજ

### ચોરી રોકવા અને પારદર્શિતા લાવવામાં ઈ-હરાજી અસફળ: આડેધડ ખોદકામથી નદીઓએ વહેણ બદલ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ઉત્તર ગુજરાતની નદીઓમાં આડેધડ થઈ રહેલી ખનિજ ચોરીને અંકુશમાં લેવા માટે સરકાર દ્વારા ઈ-બ્લોક ફાળવી રેતીની ઈ-હરાજી શરૂ કરવામાં આવી હતી પરંતુ સીસ્ટમ અસફળ સાબિત થઈ છે. નદીઓમાંથી બિન્દાસ રીતે ખનિજ ચોરો ટનબંધ રેતીની ચોરી કરવામાં સફળ રહ્યા છે. પારદર્શિતા લાવવાના આશયે ઈ-હરાજી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ મોટાભાગના જિલ્લાઓમાં આડેધડ ખનિજના ખોદકામથી નદીઓને વહેણ બદલવાની ફરજ પડતાં આગામી ચોમાસામાં વહેણ બદલાવાથી નદી નજીકના ખેતરો તબાહ થઈ જવાની દહેશત વ્યક્ત થઈ છે.

બાંધકામ ક્ષેત્રે મોટાપાયે રેતી તેમજ કાંકરાની જરૂરીયાત કાયમ રહેતી હોવાથી નદીઓમાંથી ટનબંધ રેતી-કાંકરાનું વહન થાય છે. સરકાર દ્વારા ફળવાયેલ બ્લોકમાંથી ઈજારદારોએ ખનિજ કાઢવાનું હોય છે અને તે પણ સરકારના ધારાધોરણ મુજબ પરંતુ ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી ખનિજ ચોરીનું દૂષણ વધી જતાં સરકારે નદીઓમાંથી રેતી કાઢવા માટે ઈ-બ્લોક ફાળવ્યા હતા અને રેતીની ખરીદી પણ ઈ-હરાજીથી થાય તેવી ગોઠવણ કરી હતી પરંતુ આ આખીય સીસ્ટમ યોગ્ય રીતે સફળ થઈ નથી જેના કારણે સરકારના ખનિજ ચોરી રોકવાના પ્રયાસ અને પારદર્શિતા લાવવાના આશય ઉપર પાણી ફરી વળ્યું છે. નદીઓમાંથી ખનિજ ચોરો આડેધડ યાંત્રિક મશીનોથી ખનિજનું ખોદકામ આજે પણ કરી રહ્યા છે. મોટાભાગના જિલ્લાઓમાં ખનિજ ચોરી રોકવા માટે જાગૃત નાગરિકો દ્વારા રજૂઆતો કરાય છે છતાં ભૂસ્તર વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યો છે. રેતી કે કાંકરો ભરીને પસાર થતું એકાદ વાહન જપ્ત લઈ કહેવાતી કામગીરી થતી હોવાથી ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ખનિજ ચોરીનું દૂષણ વધી ગયું છે. કેટલાક જિલ્લાઓમાં તો ખનિજ ચોરીને જતાં વાહન રોકવા જતાં ખાણખનિજ વિભાગના કર્મચારીઓ ઉપર હુમલાના બનાવ પણ નોંધાયેલા છે. રાત-દિવસ સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લાની જીવાદોરી સમાન નદીઓમાંથી રેતી-કાંકરાનું ખણન ગેરકાયદે રીતે થઈ રહ્યું છે જે માટે જોખમી ખોદકામ થતું હોવાથી આગામી ચોમાસામાં નદીઓ જોખમી પૂરવાર થાય તેમ છે. જે જગ્યાએ કાયદેસરના ખનિજ કાઢવાના ઈજારા છે તેના બદલે અન્ય સ્થળે પણ ગેરકાયદે રીતે ખનિજની ચોરી થતી હોવાથી કેટલાક વર્ષોથી નદીઓનાં વહેણ બદલાતાં હવે નદી નજીકનાં ફળદ્રુપ ખેતરો ખેદાન-મેદાન થઈ જવાની આશંકા વ્યક્ત થઈ છે.

## આબુ તળેટી ખાતે દાદી પ્રકાશમણી પાર્ક પર્યટકો માટે ખુલ્લો મુકાયો

### ગુજરાતથી આબુ જતા પર્યટકોને ભવ્ય આધ્યાત્મ વારસાના વિના મૂલ્યે દર્શન કરાવાશે

ડીસા, તા. ૧૮



દેશ અને વિદેશમાંથી આબુ ખાતે આવતા લાખો પર્યટકોને દેવી સંસ્કૃતિ અને આદ્યત્મિકતાનો અનુભવ અને જ્ઞાન મંથન માટે આબુ તળેટી ખાતે શાંતિવન સામે ૪૦ એકરમાં પથરાયેલ દાદી પ્રકાશમણીજી માં ગાર્ડન, ફુવારા ,યોગરૂમ અને મનની શાંતિ માટે જ્ઞાન મંથન પ્રેક્ટિસ રૂમ શરૂ કરવામાં આવેલ છે જેમાં લાઈટ અને સાઉન્ડ શો, વિડીયો શો, ભવ્ય આધ્યાત્મિક નાટકો અને દિવ્ય નૃત્યો દ્વારા પર્યટકોને જ્ઞાન પીરસવામાં માટે ૨૫૦૦ સીટ ધરાવતો ભવ્ય ઓડિટોરિયમ પણ ખુલ્લો મુકવામાં આવેલ છે જેના ઉદ્‌ઘાટન સમારંભમાં બ્રહ્માકુમારીના વડા દાદી રતનમોહિનીજીએ શ્રેષ્ઠ શતયૂગી ભારતના નિર્માણમાં ઈશ્વરીય જ્ઞાન રાજયોગનું શિક્ષણ માનવ માત્રને દેવી ભારતીય સંસ્કૃતિના ઉદય તરફ લઈ જશે તેવા આશીર્વચન આપ્યા હતા અને વિનામૂલ્યે પર્યટકોને આ ઓડિટોરિયમનો લાભ લેવા બ્રહ્માકુમારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચર્ચાની ચગડોળે..

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકો બુલેટ ઉપર ફરવા લાગ્યા : એ.પી.એલ. કાર્ડધારકો સાયકલ ઉપર

### પુરવઠા વિભાગની ભ્રષ્ટ કાર્યરીતીનો પર્દાફાશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પુરવઠા વિભાગની મહેરબાનીથી બી.પી.એલ. કાર્ડધારકો બુલેટ ઉપર ફરવા લાગ્યા છે. જ્યારે એ.પી.એલ. કાર્ડધારકો સાયકલ ઉપર ફરતા જોવા મળે છે ત્યારે સવાલ એ થાય છે કે ખરેખર સર્વેમાં ભાંગરો વટાયો છે કે પછી પુરવઠા તંત્રએ મોટો ખેલ કર્યો છે..?? તપાસ થાય તો મધ્યમવર્ગીય પરિવારોને ગરીબોના ભોગે બી.પી.એલ. કાર્ડ પધરાવવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવે તેમ છે.

જિલ્લામાં ૦ થી ૧૬ ના સ્કોર હેઠળ ગરીબ લાભાર્થીઓને બી.પી.એલ. લાભાર્થી યાદીમાં સમાવવામાં આવતા હોય છે અને જે તે ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકા દ્વારા સર્વે પછી વિભાગને અહેવાલ સુપ્રત કરવામાં આવે છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીનો લાભ લઈ રહેલા અનેક પરિવારો બુલેટ ઉપર ફરતા થઈ ગયા છે. જેમની આવક સિમિત હોય અને પોતાનું ઘર પણ ન હોય તેવા પરિવારોને બી.પી.એલ. લાભાર્થી યાદી હેઠળ સમાવવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં એ.પી.એલ. કાર્ડધારકો રોષ ઠાલવી રહ્યા છે કે અમો ગરીબ છીએ છતાં અમને બી.પી.એલ. કાર્ડના લાભાર્થી બનાવવામાં આવતા નથી. ત્યારે હવે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં એ.પી.એલ. કાર્ડધારકોની હૈયાવરાળ સાચી હોય તેવી વાસ્તવિક તસવીર સામે આવી છે. કેટલાક બી.પી.એલ. ધાર્ડધારકોને તો પોતાનું લક્ઝુરીયર્સ વાહન, ઘરમાં એ.સી., ફ્રિજ સહિતની સવલતો ઉભી કરી છે ત્યારે ખરેખર આવા પરિવારો બી.પી.એલ.ના લાભાર્થી ગણાય..?? જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જિલ્લામાં બોગસ રીતે બની બેઠેલા બી.પી.એલ. કાર્ડધારકોને શોધી કાઢી તેમના બી.પી.એલ. કાર્ડ રદ કરવા જોઈએ. જેથી અન્ય સાચા લાભાર્થીઓને બી.પી.એલ. કાર્ડનો લાભ મળે.


## જન્મદિને વધામણી



વિશાલ એ.પટેલ
બાયડ



મિલન ચૌધરી
મહેસાણા



ડો.પ્રકાશ એ.પટેલ
ચોઈલા તા. બાયડ



આકાશભાઈ એ.પટેલ
આકરુંદ હાઇસ્કુલ
મોઢુકા તા.તલોદ



વિનોદભાઈ જે.પટેલ
ધનસુરા જી.અરવલ્લી




જૈમી વિક્રમભાઇ પંચાલ
સ્વામીનારાયણ સોસાયટી
બાયડ જી.અરવલ્લી

**રક્તદાન મહાદાન**

## રેલ્વે PSI બાઈક સ્લીપ થતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત : ભિલોડા-ગાંભોઈ રોડ પર હાઈસ્પીડ બાઈક સ્લીપ થતા સર્જાયો અકસ્માત

મોડાસા, તા. ૧૮




અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે ભિલોડા-ગાંભોઈ રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલ હાઈસ્પીડ બાઈક કાળી ડુંગરીના વળાંકમાં સ્લીપ થઈ રોડ નજીક ઝાડ સાથે ભટકાતા બાઈક ચાલક યુવાન રેલ્વે પીએસઆઈ પિયુષ કાલિદાસ પરમારનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યુ હતું અકસ્માતની ઘટનાના ભિલોડા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મૃતક પીએસઆઈના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વેસ્ટર્ન રેલ્વે વિભાગમાં અમદાવાદ ખાતે પીએસઆઈ તરીકે ફરજ બજાવતા પિયુષ કાલિદાસ પરમાર રવિવારે કામકાજ અર્થે એવેન્જર બાઈક લઈ ગાંભોઈ-ભિલોડા રોડ પરથી પસાર થતા કાળી ડુંગરી નજીક ભયજનક વળાંકમાં અગમ્ય કારણોસર બાઈક સ્લીપ ખાઈ રોડ સાઈડમાં રહેલા ઝાડ સાથે ભટકતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા પીએસઆઈ પિયુષ પરમારનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતની ઘટનાની જાણ ભિલોડા પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી દીધી હતી. મૃતક પીએસઆઈ પિયુષ પરમારના પરિવારજનો અને સગા-સબંધીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી રોકોકકળ કરી મૂકી હતી

## સાબરકાંઠા જિલ્લામાં અસહ્ય તાપથી પપૈયા પાકની વાડીઓ સુકાઈ જતાં ખેડૂતોને ભારે નુકસાન...

### લીલાછમ છોડ અને ફળો સુકાભઠ્ઠ બની ગયા...



રાયગઢ તા.૧૮


સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા સહિત અન્ય તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ વર્ષે બાગાયતી પાક ગણાતા પપૈયાની ખેતીનું ખેડૂતોએ મોટાપાયે વાવેતર કરેલ છે પરંતુ તાજેતરમાં છેલ્લા એક માસથી ક્લાઈમેટ ચેન્જને કારણે વાતાવરણમાં મોસમનો મિજાજ બદલતા ગરમ લાહ્ય જેવા પવન ફૂંકાતા સમગ્ર જિલ્લામાં હિટવેવના કારણે પપૈયા પાકના છોડ અને ફળ પર સુકારો આવી જતા ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યું છે.

ચાલુ વર્ષે માર્ચ માસમાં જ મે માસની જેમ ગરમ લુ સાથેના ફૂંકાતા ગરમ પવનોના કારણે જિલ્લામાં વાવેતર કરેલ પપૈયાની ખેતી પાકની લીલીછમ વાડીઓમાં પાન અને ફળો પર ફૂગજન્ય વાયરસ અને ગરમીને કારણે પપૈયા છોડ સુકાઈ જઈ ફળો સડી જતા ખેડૂતોને પપૈયા પાકની ઊપજ અને આવકમાં લાખો રૂપિયાનું નુકસાન થયું છે. આ અંગે ખેડૂત રાજેશ પટેલના જણાવ્યા મુજબ છેલ્લા એક માસથી અસહ્ય તાપમાન અને છેલ્લા એક સપ્તાહથી શરૂ થયેલ ગરમ લુ ભર્યા પવનોથી પપૈયાના છોડ અને ફળને સુકારો લાગતાં ખેડૂતોને વીઘા દીઠ રૂપિયા ૩૫થી ૫૦ હજારનું નુકશાન સહન કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. મોંઘા બિયારણ, ખાતર અને મોંઘી દવા સાથેના ખર્ચ સહિત તૈયાર થયેલ પાક હાથમાંથી સરી જતા પપૈયા પકવતા ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ કફોડી બની જવા પામી છે.

## બાયડમાં વરાંસી નદીની સફાઈ માટે રૂા.૧૨૦ લાખની ફાળવણી

### પાણી ઓસર્યા પછી સફાઈ શરુ થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮



બાયડમાંથી પસાર થતી વરાંસી નદીની અંદાજીત ૮ કી.મી. સફાઈ માટે સરકાર દ્વારા રુ ૧૨૦ લાખ ફાળવ્યા છે. કામગીરી માટે વિભાગની વહીવટી મંજૂરી મળી જતાં નદીમાંથી પાણી ઓસર્યા પછી સફાઈ અભિયાન શરુ થશે તેમ વિભાગીય ઈજનેરે જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષો અગાઉ વરાંસી નદી બાયડ માટે તબાહીનું કારણ બનતી હતી પરંતુ સમય જતાં સુજલામ સુફલામ કેનાલનું અસ્તિત્વ આવ્યા પરછી છેલ્લા દોઢ દાયકાથી ચોમાસા દરમ્યાન બાયડમાં મંડરાતું પૂરનું સંકટ સંપૂર્ણપણે દૂર થયું છે. છેલ્લા કેટલાય સમયથી બાયડમાંથી પસાર થતી વરાંસી નદી ઉંડી કરવી અને સફાઈ કરવા માટે વિભાગ તેમજ સરકાર સમક્ષ રજૂઆત થઈ હતી. સરકાર દ્વારા તાજેતરમાં જ કેટલીક નદીની સાફસફાઈ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી છે જેમાં બાયડ થી દખણેશ્વર સુધીના અંદાજીત ૮ કી.મી. વિસ્તારને આવરી લઈને વરાંસી નદીમાં સફાઈ અભિયાન તેમજ તેને ઉંડી કરવા સહિતની કામગીરીને વિભાગ દ્વારા લીલીઝંડી મળવાની સાથે ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે જેથી વરાંસી નદીમાં પાણી સૂકાયા પછી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

**વરાંસી નદીનું સફાઈ અભિયાન ટૂંકમાં – કાર્યપાલક ઈજનેર**

વાત્રક યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર એન.કે.પટેલે જણાવ્યું કે વરાંસી નદીના સફાઈ અભિયાન માટે સરકાર દ્વારા વહીવટી મંજૂરી સાથે રુ ૧૨૦ લાખની ફાળવણી કરી દેવામાં આવી છે જેથી ટૂંક સમયમાં જ પાણી ઓસર્યા પછી વરાંસી નદીના અંદાજીત ૭ થી ૮ કી.મી. વિસ્તારમાં સફાઈ અભિયાન સાથે નદી ઉંડી કરવાની કામગીરી શરૂ કરાશે.